# જય જિનેન્દ્ર

વર્ષ ૧ : અંક ૩ ● સં. ૨૦૫૮, વૈશાખ વદ ૬, શનિવાર, તા. ૧ જૂન, ૨૦૦૨


## શું અયોગ્ય પદવીઓ અને કુપાત્ર દીક્ષાઓ અટકાવી ન શકાય?

પ્રાસંગિક

જૈન ધર્મ અત્યારે કપરી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. આપણે હમણાં જ શ્રમણ ભગવાન મહાવીરનું ૨૬૦૦મું જન્મકલ્યાણક ઊજવ્યું. ૨૬૦૦ વરસના ઇતિહાસમાં દુનિયામાં આમૂલચૂલ પરિવર્તનો આવ્યાં છે. દુનિયા ખૂબ સાંકડી થઈ ગઈ છે. પરિવર્તનો, આપણને ગમે કે ન ગમે, થયાં જ કરતાં હોય છે. એમાંનાં કેટલાંક ઇચ્છનીય પણ હોય છે, કેટલાંક અનિચ્છનીય પણ હોય છે. કયાં પરિવર્તનો ઇચ્છનીય છે અને કયાં નહીં, તેની ચર્ચામાં આપણે નહીં પડીએ. આપણે જે વિચારવું છે તે મુદ્દો અલગ છે.

આજે જૈનધર્મને ખૂબ બધો લૂણો લાગ્યો છે. મોટામાં મોટું પરિવર્તન તો એ આવ્યું છે કે જૈનધર્મના મુખ્ય આધાર સમા સાધુ-સાધ્વીજી ભગવંતોની સંખ્યા વધી છે પણ ગુણવત્તા ઘટી છે. અભ્યાસના ક્ષેત્રે સાધુઓનું પોત ઝાંખું પડે છે. વાદવિવાદોનો યુગ હવે રહ્યો નથી એ આજની શ્રમણપેઢી માટે છૂપો આશીર્વાદ છે. બાકી અત્યારે જે જાતનો કાચો અભ્યાસ કરીને બની ગયેલા આચાર્યો છે તે સ્થિતિમાં જો શાસ્ત્રાધારે વાદવિવાદ કરવાનો થાય તો પરિણામો ચોંકાવનારાં આવે એમ નિખાલસતાથી કબૂલ કરવું જ પડે. કહેવાતા વિદ્વાન પદવીધર સાધુઓ પોતાનાં વ્યાખ્યાનોમાં શ્રેણિક મહારાજને સાતમી નરકે મોકલી આપે છે! જો ધ્યાન દોરવામાં આવે તો છાશિયું કરે છે. કહે છે કે 'કેમ, મતાંતર ન હોઈ શકે?' ભલાદમી, મતાંતર કોને કહેવાય એની ખબર છે ખરી? એમને પૂછવામાં આવે કે સાહેબજી, સાતમી નરકનું ઓછામાં ઓછું આયુષ્ય કેટલું? અને શ્રેણિક મહારાજ કેટલાં વરસ પછી જિન બનવાના? તો તેઓ ભેદી મૌન ધારણ કરી લે છે! આગળ તો પૂછવાનું રહેતું જ નથી કે મુનિવર, સાતમીમાંથી નીકળેલો જીવ જાય ક્યાં? તીર્થંકરો વધુમાં વધુ કઈ નરકમાંથી આવી શકે? વગેરે...

યોગ્ય અભ્યાસ વિના જ આચાર્ય બની ગયેલા અને ટૂંક સમયમાં આચાર્ય બનનારા એવા જ સાધુઓને ઓચિંતાં જ પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાનાં નામો પૂછવામાં આવે તો સોએ પંચાણુને તત્કાલ 'સ્થંડિલ' જવું પડે! કંપાઉન્ડર કદાચ ડૉક્ટરનો લેબાસ પહેરી લે તો દર્દીને નુકસાન થાય પણ ખરૂં અને ન પણ થાય. પરંતુ અભ્યાસહીન આ પ્રકારના 'વિદ્વાન' સાધુ જો આચાર્ય બની જાય તો જૈનધર્મના વિનાશ માટે આપણે પશ્ચિમી સંસ્કૃતિના મોહતાજ નહીં રહેવું પડે!

સાધુસંસ્થામાં અભ્યાસના ક્ષેત્રની જેમ આચરણના ક્ષેત્રે પણ ઘણાં મોટાં ગાબડાં દેખાય છે.

હમણાં એક સુપ્રસિદ્ધ જૈનાચાર્યે જૈન સાધુઓની ટીકા કરનારા લોકોને હંટરથી ફટકારવાનું એલાન કર્યું! એમણે એક અક્ષર પણ એવો ન કહ્યો કે જૈન સાધુઓએ પણ પોતાની ટીકા ન થાય તેવી રીતે વર્તવું જોઈએ. વિના કારણે ટીકા કરવાનો કોઈને શોખ નથી હોતો. ટીકા, જો વાજબી હોય તો ખુલ્લા દિલે આવકારવાની વૃત્તિ કેળવવી પડશે. 'સાધુઓનું આચરણ જ એવું હોવું જોઈએ કે કોઈને ટીકા કરવાનું મન ન થાય' એવું સ્ટેટમેન્ટ એમણે આપ્યું હોત તો એમની ગરિમા વધી હોત. શું એમના પોતાના શિષ્યોએ ક્યારેય અન્ય મુનિવરોની ગેરવ્યાજબી નિંદા નથી કરી એમ તેઓ છાતી ઉપર હાથ મૂકીને કહી શકશે ખરા? તો પછી તો પેલા હંટરથી ફટકારવાના એલાનનું શું? આવું એલાન એ પગ નીચે આવતા રેલાને અટકાવવાની અગમચેતી તો નથી ને!

આપણે સમજવું પડશે કે અવર્ણવાદ અને ટીકા બન્ને અલગ બાબતો છે. સર્વસામાન્ય અર્થમાં સાધુઓની નિંદા એ અવર્ણવાદ હોઈ શકે. પરંતુ કોઈ ચોક્કસ કારણસર કરાતી ટીકા પણ હંટરથી મારવાની શિક્ષાને પાત્ર ગુનો બને? જે ઉઘાડેછોગ ખોટું હોય તે પણ જોયે જ રાખવાનું? બોલવાનું જ નહીં?

એક દાખલો જોઈએ : (પાઘડી બંધબેસતી આવતી હોય તો યોગાનુયોગ ગણી લેવો.) એક શિષ્ય કે જે અનાચારની હદ વટાવી ગયો હોય, દિવસે ઉપવાસ અને રાતના ખાણીપીણીના ગોરખધંધા કરતો હોય, વરસીતપના નામે લોકોને છેતરતો હોય, સ્ત્રીઓને પટાવવામાંથી નવરો ન પડતો હોય; આવા શિષ્યનાં કુકર્મોની જાણ તેના ગુરુને કરવામાં આવે ત્યારે તેના ગુરુએ શું કરવું જોઈએ?

૧. તેને છેદ પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ?
૨. તેને ઠપકો આપીને એક ગામથી બીજે ગામ મોકલી દેવો જોઈએ?
૩. તે, એવા જ દુરાચારી, બનાવટી સાધુ સાથે રહેતો હોય તેનાથી છૂટો પાડી દઈને તેને બીજા સાધુ સાથે મોકલી દેવો જોઈએ?
૪. બહાર આવેલી ઘટનાઓને પૈસાથી દબાવી દે એમ પોતાના શિષ્યને કહેવું જોઈએ?
૫. 'મારા શિષ્યો આવું કરે જ નહીં' એમ કહીને વાતનો વીંટો વાળી દેવો જોઈએ?
૬. શિષ્યના 'કુકર્મની જાણ કરનાર'ને હંટરથી ફટકારવો જોઈએ?

કહેવાનો મુદ્દો એટલો જ છે કે સાધુઓ ખૂબ અભ્યાસી બને અને વર્તમાન પરિસ્થિતિમાં જેટલો શક્ય હોય એટલો ઉત્તમ આચાર પાળે એ સમયની જરૂરિયાત છે. કુપાત્ર સાધુઓનાં કુકર્મોને ગંભીર અપરાધ માનવો જોઈએ.

ખરેખર તો આડેધડ થતી દીક્ષાઓ ઉપર અને આડેધડ થતી પદવીઓ ઉપર લગામ તાણવાની જરૂરત છે. નવકાર મંત્રના અડસઠ અક્ષરો પણ ભૂલચૂક વગર લખી ન શકે એવા આચાર્યોની જૈન શાસનને કોઈ જરૂર નથી. જેના દુષ્ટ આચરણનો બચાવ કરવા ધનશક્તિને વચ્ચે લાવવી પડે એવા સાધુઓની પણ જૈન શાસનને કોઈ જરૂર નથી. આવા બનાવટી સાધુઓને હાંકી કાઢવાથી જૈનશાસન રસાતળ નહીં જાય!

જૈનધર્મમાં આચાર્યોની અને સાધુઓની સંખ્યા કેટલી છે તેનું કોઈ મહત્ત્વ નથી (હોવું પણ ન જોઈએ). સારા, જ્ઞાની, બહુશ્રુત અને પ્રભાવક આચાર્યો અને ઉત્તમ સાધુઓ કેટલા છે એનું મહત્ત્વ છે.

કોને પદવી આપવી, કોને ન આપવી, કોને દીક્ષા આપવી, કોને ન આપવી વગેરે જિનશાસનના હાર્દને સ્પર્શતા ગંભીર મુદ્દાઓ પરત્વે ચોક્કસ પ્રકારના અને દરેક આચાર્યાદિ મુનિઓને બાધ્ય બને એવા નિયમો અને માર્ગરેખાઓ ઘડી કાઢવા માટે કોઈ ચોક્કસ સમુદાય પ્રત્યે અણગમો કે પૂર્વાગ્રહ રાખ્યા વગર સાચા અર્થમાં અખિલ ભારતીય કક્ષાનું સમગ્ર જૈન મુનિઓનું મહાસમ્મેલન બોલાવવાનું '*જય જિનેન્દ્ર*' આહ્‌વાન કરે છે.

આવા ગંભીર મુદ્દાઓને પણ જે તે સમુદાય કે વ્યક્તિનો પ્રશ્ન ગણીને તેની ઉપર વિચાર કરવાના બદલે આંખ આડા કાન કરશું તો ભવિષ્યની પેઢીની દુર્દશાની જવાબદારી આજની પેઢીની જ ગણાશે એ ચોક્કસ છે.

**નવકાર મંત્રના અડસઠ અક્ષરો પણ ભૂલચૂક વગર લખી ન શકે એવા આચાર્યોની જૈન શાસનને કોઈ જરૂર નથી!**

## આગમનો આસ્વાદ

**ભગવાન મહાવીર અને ગણધર ગૌતમનો એક રસપ્રદ સંવાદ**

ઉચિત સ્વભાવવાળા શ્રમણ-માહણની સેવાથી શું ફળ મળે?
શાસ્ત્રશ્રવણ.
શાસ્ત્રશ્રવણનું શું ફળ?
જ્ઞાન.
જ્ઞાનનું શું ફળ?
વિજ્ઞાન, એટલે કે સારાસારનો વિવેક.
વિજ્ઞાનનું શું ફળ?
પ્રતિજ્ઞા, એટલે કે હિંસા આદિ પાપકર્મથી નિવૃત્ત થવાનો સંકલ્પ.
પ્રતિજ્ઞાનું શું ફળ?
સંયમ.
સંયમનું શું ફળ?
તેનાથી પાપકર્મ અટકે.
પાપકર્મ અટકવાથી શું થાય?
તપ થાય.
તપનું શું ફળ?
તપથી જૂનાં કર્મો હણાય.
જૂનાં કર્મો હણાવાથી શું થાય?
મન, વચન, કાયાના વ્યાપારો બંધ પડે.
તે વ્યાપારો બંધ થવાથી શું થાય?
આત્માનું નિર્વાણ, એટલે કે કર્મના વિકારોથી આત્માની મુક્તિ થાય.
વિકારોની મુક્તિથી શું થાય?
આત્મા સિદ્ધ થાય છે.

**–સ્થાનાંગસૂત્ર**

## એક મુનિવરની ડાયરીમાંથી

### મુનિ : બહારથી ત્યાગી પણ અંદરથી અત્યાગી

आतुरं लोगमायाए चइत्ता पुव्वसंजोगं.....जाणित्तु धम्मं अहा
तहा अहेगे तमच्चाइ कुसीला.....

—આચારાંગસૂત્ર અ.૬, સૂ. ૭.

જ્યારે કોઈ વ્યક્તિ ગૃહવાસનો ત્યાગ કરીને મુનિ બને છે ત્યારે તેના મનમાં કઈ ભાવના હોય છે? તે ત્યાગથી પ્રેરાઈને મુનિ બને છે એમ સામાન્ય રીતે આપણે સાંભળતા આવ્યા છીએ અને માનતા આવ્યા છીએ. ત્યાગ શબ્દ જ્યારે જ્યારે આપણી સામે આવે છે ત્યારે ત્યારે સામાન્ય રીતે આપણે એવું વિચારીએ છીએ કે ઘર છોડી દેવું, ધન-સંપત્તિ છોડી દેવી, પરિવાર છોડી દેવો, કુટુંબ-કબીલાની જંજાળો છોડી દેવી, પોતાનું ગામ, પોતાનો સમાજ, પોતાની માલિકીના પદાર્થો વગેરે બધું છોડી દેવું તે ત્યાગ છે. ટૂંકમાં સર્વસંગનો ત્યાગ.

ઘણીવાર સાંભળવા મળે છે કે ફલાણા ભાઈએ આટલા લાખ રૂપિયાનો ત્યાગ કરીને દીક્ષા લીધી. આપણે અહોભાવથી ઝુકી જઈએ છીએ : આટલી મોટી સંપત્તિનો મોહ કેવી રીતે છૂટી શક્યો હશે? જે માણસ પાંચ રૂપિયા પણ જતા નથી કરી શકતો તેની માટે લાખ્ખો રૂપિયાના ત્યાગની વાત એક આંચકા સમાન છે. ટૂંકમાં, સર્વ કાંઈ ત્યાગીને વ્યક્તિ મુનિ બને છે. પણ ખરી વાત હવે જ આવે છે. સર્વત્યાગના પંથે ગયેલા વ્યક્તિની જીવનચર્યાનાં લેખાંજોખાં કરવામાં આવે તો ખ્યાલ આવે કે તેના ત્યાગમાં વાસ્તવિક ત્યાગ કેટલો અને ત્યાગની ભ્રાન્તિ કેટલી? પોતાની માલિકીનું ધન છોડીને મુનિ બનેલ વ્યક્તિ કરોડો રૂપિયાનાં ટ્રસ્ટો બનાવીને સંસારમાં પોતાની પાસે હતું તેથી યે વધારે ધન ઉપર પોતાનો કાબૂ ધરાવે છે. તે મુનિની ઇચ્છા વગર ટ્રસ્ટમાંથી એક રૂપિયો પણ આઘોપાછો થઈ શકતો નથી. બ્રહ્મચર્યનું પાલન કરવાની બડાશ હાંકતો મુનિ સ્ત્રીઓનાં ટોળાંઓની વચ્ચે જ ઘેરાયેલો રહે છે. તે ધનશક્તિ દ્વારા સ્ત્રીઓને ખરીદે છે, ભોગવે છે અને પાછો પોતાને 'બ્રહ્મચારી' પણ કહેવડાવે છે. પોતાનાં પાપો ઢાંકવા માટે અને આબરૂ બચાવવા માટે તે નવેસરથી પૈસા ખરચે છે! રાગ-દ્વેષના ત્યાગની વાતો કરનાર તે મુનિના જીવનમાં કષાયોનો પાર જ નથી હોતો. તક મળ્યે તેના કષાયો ભડકી ઊઠે છે! ઘર વિનાનો એવો તે અણગાર પોતે બનાવેલા કહેવાતા ઉપાશ્રયને 'આ મારૂં ઘર છે' એમ કહે છે! આચારાંગસૂત્રમાં તો કહેવાતા ગુરુસાન્નિધ્યમાં રહેતા એ મુનિની ઠેકડી ઊડાડી છે જે ગુરુસાન્નિધ્યમાં રહીને પણ ચારિત્રના ચૂરેચૂરા કરે છે. આવા નકલી ત્યાગી માટે આચારાંગસૂત્રમાં 'કુશીલ' શબ્દ વાપરવામાં આવ્યો છે. આવા નકલી મુનિઓ લોકોની આંખોમાં ધૂળ નાખે છે કારણ કે લોકોની દૃષ્ટિએ તે 'ગુરુકુલવાસી' હોય છે પરંતુ અંદરથી ભોગી હોય છે! जाणित्तु धम्मं अहा तहा... આવો મુનિ આમતેમ કરીને થોડાંઘણાં શાસ્ત્રો ભણી લે છે, લોકોને પોતાના 'જ્ઞાન'નો લાભ પણ આપે છે, પરંતુ પોતે તો જ્ઞાનના ફળથી વંચિત જ હોય છે. એક બહુ સુંદર સુભાષિત નાની વયમાં વાંચ્યું હતું : यथा खरश्चंदनभारवाही भारस्य भागी न तु चंदनस्य... જેમ ગધેડાની પીઠ ઉપર ચંદનકાષ્ઠ હોય પણ તે ગધેડાને ફાળે તો માત્ર તેનો ભાર જ આવે છે. ચંદનનો કોઈ લાભ ગધેડાને મળતો નથી. થોડુંઘણું ભણી ગયેલો પણ ધર્મના અંતરંગને ન સમજેલો તે મુનિ બહારથી ત્યાગી દેખાતો હોવા છતાં અંદરથી તો અત્યાગી જ હોય છે. કારણકે તેના મનમાં તો કામભોગો, અનુકૂળ પદાર્થો, ધન-સંપત્તિ, બાહ્ય સુખનાં સાધનો વગેરે મેળવવાની કામના અને લાલસા પડેલી જ હોય છે. જ્ઞાનરૂપી ચંદનનો ભાર વહન કરતા તે મુનિને જ્ઞાનનો લાભ મળવાના બદલે તેના ફાળે તો માત્ર જાણકારીનો બોજ જ આવે છે. કહે છે કે રામના નામે પથરા તરી જાય છે. ભગવાન મહાવીર અને પોતાના મહાન ગુરુઓના નામે કેટલાયે પથરા 'તરી' ગયા છે! ભોળા માણસો તેમને 'ધર્મગુરુ' કહે છે!

ટ્રેજેડી એ છે કે ગધેડો બિચારો પોતાની પીઠ ઉપર શું છે તે જાણતો પણ નથી! અને તે ક્યારેય ચંદનનો લાભ લેવાનો દાવો કરતો પણ નથી. કોમેડી એ છે કે નકલી સાધુ પોતાને અસલી ત્યાગી કહેવડાવવામાંથી નવરો પડતો નથી–પોતે નકલી સાધુ છે તેમ જાણવા છતાં! અહીં ગધેડા અને 'માણસ' વચ્ચેનો ફરક સમજવા જેવો છે.

**– આનંદમૂર્તિ**

## પ્રસાદી

જે વ્યક્તિ સાચા સાધુની સેવા બજાવે છે તે વ્યક્તિ કર્મક્ષય કરીને સ્વલ્પ સમયમાં મુક્તિ પ્રાપ્ત કરે છે. જે વ્યક્તિ સાચા સાધુને જ્ઞાન-ધ્યાન, ચારિત્રપાલન વગેરેમાં સહયોગી બને છે તેને ભવાંતરમાં ચારિત્ર સુલભ થાય છે. જે વ્યક્તિ દ્વેષભાવથી પ્રેરાઈને સાચા સાધુની નિંદા કરે છે, તેની અવહેલના કરે છે, કૂડ-કપટથી તેની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે, પોતાનાં પાપો ઢાંકવા તેની ઉપર ખોટાં આળ ચડાવે છે તે વ્યક્તિ ભવાંતરમાં દુર્લભબોધિ થાય છે. તેને ચારિત્ર પ્રાપ્ત કરવું દુર્લભ બની રહે છે, ઉપરાંત તેની દુર્ગતિ પણ થાય છે.

**– પૂજ્યપાદ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ**

બાળસૃષ્ટિ

## કંજૂસના ધનનું શું થયું?

એક માણસ ભારે કંજુસ હતો. તેણે ઘણી મહેનત કરીને ઘણા રૂપિયા ભેગા કર્યા હતા. પોતે ભેગા કરેલા રૂપિયા ચોરાઈ તો નહીં જાય ને? એ ચિંતામાં તે રાતે શાંતિથી સૂઈ પણ શકતો નહીં. એને એક દિવસ વિચાર આવ્યો કે આ રૂપિયા જો દાટી દેવામાં આવે તો ચોરાઈ જવાની ચિંતામાંથી કાયમી છુટકારો થાય અને શાંતિથી ઊંઘ પણ આવે. 'કેવો સરસ વિચાર!' પોતાના જ આઈડિયા ઉપર તે મનોમન ખુશ થઈ ગયો. બીજા દિવસે પોતાના ઘરની પાછળ તેણે એક ખાડો કર્યો અને તેણે બધા રૂપિયા એક ચરુમાં ભરીને ખાડામાં દાટી દીધા. 'હાશ, હવે મારા રૂપિયા કોઈ ચોરી શકશે નહીં.' તેના મનને નિરાંત થઈ ગઈ. પણ તેની શાંતિ લાંબો વખત ચાલી નહીં. બીજા દિવસે પાછો તેને વિચાર આવ્યો કે ખાડામાંથી પણ કદાચ કોઈ રૂપિયા કાઢીને લઈ જાય તો? તેના મનમાં થયું કે રૂપિયાની સલામતી માટે ખાતરી કરી લેવી સારી. તેથી અડધી રાતે તેણે રૂપિયાનો ચરુ પાછો બહાર કાઢ્યો અને રૂપિયા ગણી જોયા. પોતે જેટલા રૂપિયા મૂક્યા હતા એ બધા સલામત છે તેવી ખાતરી કર્યા પછી રૂપિયા ચરુમાં મૂકીને ફરીથી દાટીને તે નિરાંતે સૂઈ ગયો. આમને આમ તેણે રોજેરોજ રૂપિયાની સલામતીની ચકાસણી કરવાનું ચાલુ રાખ્યું.

એક વખત મધરાતે ચોરી કરવા નીકળેલા એક ચોરે કંજૂસના ઘરની પાછળ ઊભા રહીને આ જોઈ લીધું. કંજૂસે દરરોજની જેમ રૂપિયા ગણીને ચરુમાં મૂકીને દાટી દીધા અને પછી તે શાંતિથી સૂઈ ગયો. થોડીવાર પછી પેલા ચોરે ત્યાં જઈને ધીમેથી ખાડામાંથી ચરુ બહાર કાઢીને તેમાંથી બધા રૂપિયા લઈ લીધા અને તેમાં કાંકરા ભરી દઈને તે ચરૂ પાછો હતો ત્યાં દાટી દીધો.

બીજા દિવસે કંજૂસે દરરોજની જેમ ખાડામાંથી ચરુ બહાર કાઢીને જોયું તો તેની આંખો ફાટી ગઈ. 'અરે મારા રૂપિયા તો ચોરાઈ ગયા' તે જોરજોરથી રડવા લાગ્યો. બાલદોસ્તો, જો આ માણસે પોતાના પૈસાનો સદુપયોગ કર્યો હોત તો તેને આવો દિવસ જોવાનો ન આવત.

*પ્રેષક : શાહ પલક વિક્રમભાઈ, પાલડી, અમદાવાદ*

### બાળકો માટે આનંદના સમાચાર.....

ગુજરાતનાં કોમી તોફાનોની વિકટ પરિસ્થિતિના કારણે પોસ્ટલ ડિપાર્ટમેન્ટની ખોરવાયેલી વ્યવસ્થાના લીધે 'જય જિનેન્દ્ર'ના અંકો મોડા પહોંચવાથી ગયા અંકમાં બાળકોને પૂછેલા ઇનામી કોયડાનો જવાબ આપવાની અવધિ લંબાવવામાં આવી છે. આગામી અંકે વિજેતા બાળકોનાં નામો રજૂ કરીશું. જે બાળકો જવાબ મોકલવા માગતા હોય તેમને આ સાથે એક તક આપવામાં આવે છે. જવાબો મોકલી આપવાની છેલ્લી તારીખ ૨૦ જૂન છે.

## 'જય જિનેન્દ્ર'

પૂજ્યપાદ ગુરુ ભગવંતોને નમ્ર વિનંતી કે આપશ્રી 'જય જિનેન્દ્ર' મેળવવા માગતા હો તો અમને જાણ કરો. પ્રથમ વરસ માટે પૂજ્ય ગુરુદેવોને <u>વિના લવાજમે</u> અંક મળે તેવી વ્યવસ્થા અમે ગોઠવી રહ્યા છીએ. આ માટે આપે માત્ર આપનું કાયમી સંપર્કસૂત્ર અમને મોકલવાનું રહેશે. આપને સમગ્ર વરસ દરમ્યાન 'જય જિનેન્દ્ર'ના અંકો મળતા રહે તેવું આયોજન અમે કરીશું.

**<u>ચર્ચામંચ</u>**

'જય જિનેન્દ્ર'નું

# આહ્‌વાન

**શું જૈનો ધાર્મિક લઘુમતી છે?**

**'હા' કે 'ના'**

જો હા તો શા માટે?

જો ના તો શા માટે?

આપ આ મુદ્દાની તરફેણ કરતા હો કે વિરોધ કરતા હો, આપના વિચારો ઓછા પણ મૂલ્યવાન શબ્દોમાં 'ટુ ધ પોઇન્ટ' અમને લખી જણાવો.

**વ્યક્તિગત ટીકાટિપ્પણ : 'નો પ્લીઝ'**

આજે જ 'જય જિનેન્દ્ર'નું લવાજમ ભરો. વાર્ષિક લવાજમ ૫૦ રૂપિયા. સરનામા માટે જુઓ પાનું ચોથું.

## 'જય જિનેન્દ્ર'નું ખુલ્લું આમંત્રણ વિચારશીલ જૈનોને

જો તમે દંભથી ભારોભાર નફરત કરતા હો, જો તમે પક્ષપાત રહિત સ્વતંત્ર બુદ્ધિથી વિચારનારા હો, જો જૈનધર્મની સળગતી સમસ્યાઓ અંગે અને વર્તમાન વિકટ પરિસ્થિતિ અંગે તમે કંઈક નક્કર કહેવા માગતા હો પરંતુ તમારી પાસે તે માટે કોઈ મંચ ન હોય તો તમારૂં 'જય જિનેન્દ્ર'માં સ્વાગત છે. તમારા વિચારો નિર્ભીક, નિષ્પક્ષ, સત્ત્વશીલ અને ગૂંચવાડા વિનાના–સ્પષ્ટ–હોવા જોઈએ.

'હમારા ખૂન ખૂન, તુમ્હારા ખૂન પાની' એવી રીતમાં માનનારા લોકો માટે 'જય જિનેન્દ્ર'માં કોઈ જ સ્થાન નથી! આ મંચ એવા લોકો માટે છે, જેઓ વ્યક્તિરાગ, પક્ષરાગ, પંથરાગ, સમુદાયરાગ, ગચ્છરાગથી મુક્ત છે. આ મંચ એવા લોકો માટે છે, જેઓ સત્યરાગ અને તથ્યરાગથી યુક્ત છે. કડવી વાસ્તવિકતાઓથી ભાગનાર પલાયનવાદીઓ માટે 'જય જિનેન્દ્ર'માં 'નો એન્ટ્રી...!'

આવો, આપણે બધાં સાથે મળીને આ અણમોલ જૈનધર્મ માટે કંઈક કરી છૂટીએ...

## દાદા ગુરુદેવના જીવનની અંતરંગ વાતો...

- દીક્ષાના પ્રારંભના દિવસોમાં પૂજ્યપાદ કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજા દરરોજનું એક નવું પુસ્તક વાંચતા.
- વરસો સુધી નિયમિતપણે ચાર વિગઈઓનો ત્યાગ રાખેલો.
- દીક્ષાજીવનનાં શરૂઆતનાં વરસોમાં જ્યાં સુધી પ્રતિદિનનો નક્કી કરેલો અભ્યાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ગોચરી ન વાપરતા.
- મુનિ અવસ્થામાં ગમે તેવી વિકટ સ્થિતિ હોય, ગમે તેટલો લાંબો ઉગ્ર વિહાર કરીને પધાર્યા હોય, ગમે તેટલો થાક લાગ્યો હોય, પરંતુ જો શ્રાવકો દેશના સાંભળવાની ભાવના દર્શાવે તો ક્યારેય ના ન કહેતા.
- જ્યારે જ્યારે અમદાવાદના ઝવેરીવાડમાં આંબલીપોળના ઉપાશ્રયે પોતાના દાદા ગુરુદેવ શ્રીકીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજને વંદન કરવા પધારતા ત્યારે ત્યારે તેમની આંખોમાં અશ્રુધારા વહેતી. દાદા ગુરુદેવને હંમેશાં દ્વાદશાવર્ત વંદન કરતા, પછી જ પાણીનું ટીપું મોંમાં નાખતા.
- નાનામાં નાના સાધુને હંમેશાં બહુમાનથી, બહુવચનપૂર્વક જ બોલાવતા, 'તું'કારો તો ક્યારે પણ તેઓશ્રીના મુખે આવતો જ નહીં.

**આપશ્રી સક્રિય જૈન પત્રકાર છો? તો કાર્યાલયને આધાર સાથે જાણ કરો. ચાલુ વરસ માટે 'જય જિનેન્દ્ર' આપને વિના લવાજમે મોકલવામાં આવશે.**

# ભવોદધિતારક ગુરુવર્યનાં ચરણોમાં ભાવભીની વંદનાંજલિ...

આજકાલ કરતાં કેટલાં બધાં વરસ વ્યતીત થઈ ગયાં? દર વરસે જેઠ સુદ બીજ આવે છે અને પૂજ્યપાદનું સ્મરણ આંખોમાં પાણી લાવે છે. આજથી સત્તર વરસ પૂર્વે ગોઝારી જેઠ સુદ બીજના દિવસે પૂજ્યપાદ કલિકાલકલ્પતરુ અજોડ ચારિત્રધર આચાર્ય મહારાજ શ્રી કૈલાસસાગર-સૂરીશ્વરજી મહારાજાનો સ્વર્ગવાસ થયો. વચનસિદ્ધિને વરેલા એ મહા પુરુષની ચિરવિદાયના એમણે સ્વમુખે આપેલા અગણિત સંકેતો આપણે પામર આત્માઓ પારખી શક્યા નહીં અને તેઓ જ્યારે અચાનક ચાલ્યા ગયા ત્યારે અનેક લોકોને તેમનાં વચનો યાદ આવ્યાં. હસવામાં કાઢી નાખેલી વાતો સાકાર બની ત્યારે ખ્યાલ આવ્યો કે પોતાની વિદાય માટે પૂર્વતૈયારી કરી ચૂકેલા એ મહાપુરુષે પોતાની વિદાય અંગે કેટલા બધા સંકેતો આપ્યા હતા! એક નમૂનારૂપ પ્રસંગ જોઈશું :

ઉત્તર ગુજરાતથી વિહાર કરીને છેલ્લીવાર અમદાવાદ પધાર્યા ત્યારે ડોળીવાળાઓને વિહાર દરમ્યાનનો પગાર આપવા ઉપરાંત વિશેષરૂપે બક્ષિસ આપવાનું સૂચન શ્રાવકોને કર્યું. પૂજ્યપાદશ્રીના સ્વભાવથી પરિચિત શ્રાવકોને અને પૂજ્યપાદના શિષ્યોને નવાઈ લાગી. દિલ ભરીને મહેનતાણું અપાવી દેતા પૂજ્યશ્રીએ કદી ડોળીવાળાઓને બક્ષિસ નહીં અપાવેલી! પૂજ્યશ્રીના પ્રશિષ્ય પૂ. મિત્રાનંદસાગરજી મહારાજ તો ઘણીવાર મજાકમાં કહેતા : પંજાબમાં કામ કરાવ્યા પછી બક્ષિસ આપવાનો રિવાજ નથી, એટલે પંજાબી સંસ્કારોના કારણે મહારાજશ્રી ક્યારેય કોઈને બક્ષિસ અપાવતા નથી! શ્રાવકો કહે, ગુરુ ભગવંત! આગામી ચાતુર્માસના છેલ્લા વિહાર વખતે આપણે ડોળીવાળાઓને બક્ષિસ આપી દઈશું. મહારાજશ્રી કહે : 'ના, હવે આપણે એમને ક્યાં ફરીથી બોલાવવાના છે!' બધાંએ એવું અર્થઘટન કર્યું કે અમદાવાદમાં જ આ ચાતુર્માસ કરવાનું છે તેથી બબ્બે ત્રણ-ત્રણ કિલોમિટર નજીકના અંતરવાળાં ક્ષેત્રોમાં તો ધીમે ધીમે ચાલતાં ય પહોંચી જવાય, એમાં ક્યાં ડોળીવાળાની જરૂર પડવાની છે! તેથી પૂજ્યશ્રી આમ કહેતા હશે! પરંતુ થોડા દિવસોના અંતરે જ્યારે પૂજ્યશ્રીએ ચિરવિદાય લીધી ત્યારે શિષ્યો અને ભક્તજનો આંચકો ખાઈ ગયા!

પૂજ્યપાદશ્રીના પ્રશિષ્ય પૂજ્ય વિદ્વાન મુનિરાજ શ્રી મિત્રાનંદ-સાગરજી મહારાજને પણ છેલ્લા ચાતુર્માસમાં પાલી મુકામે પૂજ્યશ્રીની નિશ્રામાં રહેવાનો સંયોગ મળ્યો. પાલીના નવલખા પાર્શ્વનાથના જિનાલયના પુનરુદ્ધાર અંગે લાગતી વળગતી બધી જ બાબતોની સંપૂર્ણ જવાબદારી પૂજ્યપાદશ્રીએ પોતાના આ નાના શિષ્ય ઉપર નાખેલી ત્યારે ઘણાંને નવાઈ લાગેલી. મૂળનાયક ભગવાનનું ઉત્થાપન કરવું કે નહીં તે અંગે સંઘમાં વિવાદ ઊભો થયો ત્યારે પોતાના આ નાના શિષ્ય ઉપર અટલ વિશ્વાસ રાખનાર પૂજ્યપાદે ટ્રસ્ટીઓને સ્પષ્ટ અને મક્કમ શબ્દોમાં કહ્યું કે 'મિત્રાનંદસાગરજી જે કરશે તે બરાબર સમજી વિચારીને કરશે અને હું પણ તેમનો અભિપ્રાય જ માન્ય રાખીશ.' છેવટે પૂજ્ય મુનિશ્રીએ ભગવાનને ઉત્થાપન કરવાનાં કારણો પૂજ્યપાદ સમક્ષ રજૂ કર્યાં ત્યારે તેઓશ્રીએ સંઘને વિશ્વાસમાં લઈને એ કાર્યમાં આગળ વધવા ટ્રસ્ટીઓને તથા શિલ્પીઓને આદેશ આપ્યો. મૂળનાયક નવલખા પાર્શ્વનાથ ભગવાનની ગાદી નીચેથી ખોદકામ કરતાં જ્યારે હાડકાંનો ઢગલો નીકળ્યો ત્યારે પૂજ્યશ્રીએ એ નાના મુનિરાજમાં મૂકેલો વિશ્વાસ કેટલો સાર્થક હતો તેની પ્રતીતિ સંઘને થઈ. પાલીનો શ્રી સંઘ આજે પણ એ દિવસોને યાદ કરે છે. મુનિશ્રીની દીર્ઘ અને આર્ષદૃષ્ટિથી જિનમંદિરમાંથી સૈકાઓ જૂની અશુદ્ધિ આ રીતે દૂર થઈ હતી. એ અંતિમ ચાતુર્માસમાં બાવીસ બાવીસ મુનિવરોની ઉપસ્થિતિ છતાં પૂજ્યપાદશ્રીએ 'સંવત્સરીનું બારસાવાંચન મિત્રાનંદ સાગરજી કરશે' એમ કહીને સંઘને એક ઓર આશ્ચર્ય આપેલું! મુનિશ્રીએ અસ્ખલિત ધારાપ્રવાહી રીતે માત્ર એક કલાક અને ચાલીસ મિનિટમાં જ્યારે બારસાવાચન કર્યું ત્યારે પાલીના પીઢ શ્રાવકો પણ બોલી ઊઠેલા કે પાલીમાં પૂજ્ય જ્ઞાનસુંદરજી મહારાજ પછી પહેલી વાર આવું સ્પષ્ટ ઉચ્ચાર સાથે બારસાસૂત્ર સાંભળવા મળ્યું છે. નાના સાધુની પ્રતિભા અને શક્તિની પહેચાન સંઘ, સાધુઓ તથા અન્યોને થાય તે માટે પૂજ્યપાદશ્રી આવી ખૂબીથી કાર્ય કરતા. છેલ્લો વિહાર કરીને અમદાવાદ મુકામે પધાર્યા પછી પૂજ્યપાદે એકવાર પૂજ્ય મુનિશ્રી મિત્રાનંદસાગરજી મહારાજને કહ્યું કે આ વખતે મને તમારૂં બારસા સાંભળવાનો મોકો નહીં મળે! મુનિશ્રી એવું સમજ્યા કે આ ચાતુર્માસમાં ઘણાં ક્ષેત્રોમાં ધર્મારાધનાર્થે સાધુઓને મોકલવાના હોવાથી તેઓશ્રી કદાચ આમ કહેતા હશે. પરંતુ એ પછીના ગણતરીના દિવસોમાં જ પૂજ્યશ્રીની ચિરવિદાય થઈ ત્યારે પૂજ્યપાદશ્રીની વાતનો મર્મ સમજાયો! મહાપુરુષોએ આપેલા સંકેતોને ઝીલવા માટે આપણો પનો ઘણો જ ટૂંકો પડે. સતત પૂજ્યપાદશ્રી સાથે રહેતા શિષ્યગણને તો તેમણે સેંકડો સંકેતો આપ્યા હતા, પરંતુ કાં તો બધી વાતો હસવામાં જતી રહી અને કાં તો તે સમજી શકાઈ નહીં! આજે સૌ શિષ્યો અને ભક્તોને અફસોસ છે કે અરે આપણે સતત ગુરુદેવશ્રીની છત્રછાયામાં હોવા છતાં તેમના શબ્દોને સમજી શક્યા નહીં!

દર વરસે જેઠ સુદ બીજનો દિવસ આવે છે અને પૂજ્યપાદના અંતિમ દિવસોમાં વારંવાર ઉચ્ચારાયેલા શબ્દો યાદ આવે છે–''જીવશું તો સોહં સોહં કરશું, મરશું તો મહાવિદેહે જઈશું.'' હે પૂજ્યપાદશ્રી, અમ સૌ બાળકોને કોઈ ભવમાં આપના ચરણ-શરણથી અલગ કરશો નહીં!

જેને સેંકડો લોકો અને નામાંકિત લેખકોએ પોતાના લેખો અને પુસ્તકોમાં ઉદ્ધરણરૂપે સ્વીકાર કર્યો છે તે પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજીની રચના દ્વારા પૂજ્યશ્રીનાં ચરણોમાં વંદન પાઠવીશું–

कैलाससागरं सूरिं, कैलास इव निश्चलम्।
गणाधीशं गुणाधीशं सादरं प्रणिदध्महे॥

●

● ઘટમાળ

★ પૂજ્યપાદ પરમ ઉપકારી કલિકાલકલ્પતરુ આ કાળમાં અજોડ ચારિત્રના આરાધક સ્વ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજાની આગામી જેઠ સુદ બીજના આવનારી પુણ્યતિથિના પ્રસંગને પામીને તેઓશ્રીના વિદ્વાન પ્રશિષ્યરત્ન મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની પાવન નિશ્રામાં ભગવતી પદ્માવતીના પૂજન હવન વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

●

**સ્પંદન**

ઈશ્વરની ઓળખ સહેલી છે પરંતુ માનવીની પરખ ખૂબ જ મુશ્કેલ છે.

●

**ચિંતા**

આજના યુવાનોનું શું થશે એ ચિંતા કરવી સાવ નકામી છે. સમય આવ્યે તે બધા વૃદ્ધ થઈ જશે અને પછી તેઓ ચિંતા કરવા લાગશે કે 'આજના યુવાનોનું શું થશે!'

'જય જિનેન્દ્ર' કાર્યાલય દ્વારા ૬૮ નિહારિકા બંગલોઝ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદથી પ્રકાશિત. સંપાદક : નિર્વેદ આચાર્ય.